# શેરબજારમાં ભારે ઉથલપાથલ

મુંબઈ,તા. ૧૩

શેરબજારમાં આજે અભૂતપૂર્વ મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે **સેન્સેક્સ ૪૩૧ પોઈન્ટ ઘટીને ૧૯૬૯૨ની સપાટીએ બંધ રહ્યો હતો.** જ્યારે નિફ્ટી ૧૨૭ પોઈન્ટ ઘટીને ૫૯૮૦ની સપાટીએ રહ્યો હતો. બજારમાં તીવ્ર મંદી માટે ઘણા પરિબળો જવાબદાર રહ્યા હતા. તે પૈકી પ્રોફિટ બુકિંગ અને વધતી જતી વેપાર ખાધની સૌથી વધારે અસર શેરબજાર પર થઈ હતી. સેન્સેક્સમાં ૧૪ મહિનામાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. આની સાથે જ મૂડીરોકાણકારોએ એક લાખ કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. રિટેલ ફુગાવામાં ઘટાડો થયો હોવા છતાં તેની કોઈ અસર શેરબજાર પર થઈ ન હતી. કારણ કે વેપાર ખાધના આંકડા જારી કરવામાં આવ્યા બાદ તેની માઠી અસર બજાર પર થઈ હતી. એપ્રિલમાં વેપાર ખાધના આંકડો ૧૭.૮ અબજ ડોલર રહેતા તેની માઠી અસર રહી હતી અને સેન્સેક્સ ૪૩૧ પોઈન્ટ ઘટી ગયો હતો. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૨ના દિવસે સેન્સેક્સમાં ૪૭૮ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. ત્યારબાદથી તેમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. વેચવાલી અભૂતપૂર્વ રહી હતી. તમામ ૧૩ સેક્ટરલ ઇન્ડેક્સમાં ૦.૯૪થી ૩.૧૭ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. એફએમસીજી, કેપિટલ ગુડ્સ, મેટલ અને ઓટોના શેરમાં તીવ્ર મંદી જોવા મળી હતી. તમામ ૩૦ શેર સેન્સેક્સ મંદી સાથે બંધ રહ્યા હતા. આઈટીસીમાં સૌથી વધુ પાંચ ટકાનો ઘટાડો રહ્યો હતો. એલએન્ડટી, ટીસીએસ,આઈસીઆઈસીઆઈ બેંક, તાતા મોટર્સ, આરઆઈએલ, એચડીએફસી બેંકમાં હાલમાં તેજી રહ્યા બાદ આજે તીવ્ર મંદી રહી હતી. જે શેરમાં મોટો ઘટાડો રહ્યો હતો તેમાં તાતા મોટર્સ, આરઆઈએલનો સમાવેશ થાય છે. ભારતી એરટેલ અને તાતા સ્ટીલમાં ચાર ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. નિરાશાજનક વેપાર ખાધના આંકડાથી સીએડીના મોરચે ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ. આવી જ રીતે નિફ્ટીમાં ૧૨૭ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જેથી નિફ્ટીએ ૬૦૦૦ની સપાટી ગુમાવી હતી. માર્કેટ બ્રિડથ નકારાત્મક રહી હતી. ૧૫૪૨ શેર મંદીમાં અને ૮૦૮ શેર તેજીમાં રહ્યા હતા. બીએસઈ માર્કેટ મૂડીમાં એક લાખ કરોડનો ઘટાડો નોધાયો હતો.

**તીવ્ર કડાકાની સાથે સાથે**

- સેન્સેક્સ ૪૩૧ પોઈન્ટ ઘટી ૧૯૬૯૨ની સપાટીએ
- ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૨ બાદથી સેન્સેક્સમાં સૌથી મોટો કડાકો
- મૂડીરોકાણકારોએ તીવ્ર મંદીના લીધે એક લાખ કરોડ ગુમાવ્યા
- અભૂતપૂર્વ વેચવાલીનું મોજુ જોવા મળ્યુ
- તમામ ૧૩ સેક્ટરલ ઈન્ડેક્સ મંદીમાં રહ્યા
- એફએમસીજી, કેપિટલ ગુડ્સ, મેટલ અને ઓટોના શેરમાં અફડાતફડી રહી
- તમામ ૩૦ સેન્સેક્સ આધારિત શેર મધ્યમથી ઉંચા ઘટાડા સાથે બંધ રહ્યા
- આઈટીસીમાં પાંચ ટકાથી વધુનો ઘટાડો રહ્યો
- ભારતી એરટેલ અને ટાટા સ્ટીલમાં ચાર ટકાથી વધુનો ઘટાડો રહ્યો

## ટૂંકમાં જ પ્લાસ્ટીકની નોટ અમલમાં : આરબીઆઈ સુસજ્જ

નવી દિલ્હી,તા. ૧૩

કાગળના હાલમાં ચલણમાં રહેલા નોટના બદલે પ્લાસ્ટીકની નોટ બજારમાં લાવવાની તૈયારી અંતિમ તબક્કામાં પહોંચી ચૂકી છે. ટૂંક સમયમાં પ્લાસ્ટીકની નોટો અમલી બની જશે. આરબીઆઈએ આ સંબંધમાં ખૂબ જ ગંભીરતીપૂર્વક કામગીરી શરૂ કરી દીધી છે. શરૂઆતમાં કોચી, મૈસૂર, જયપુર, ભુવનેશ્વર અને શિમલામાં પ્લાસ્ટીકની નોટ જારી કરવામાં આવશે. આ નોટ ક્યારેય જારી કરવામાં આવશે હજુ સુધી આ અંગેની સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. આ શહેરોમાં ૧૦ રૂપિયાના એક અબજ નોટ જારી કરવામાં આવશે. આરબીઆઈના ગવર્નર ડી સુબ્બારાવે ગયા સપ્તાહમાં જ કહ્યું હતું કે આરબીઆઈ પ્લાસ્ટીક કરેન્સી ચલણમાં લાવવાની દિશામાં આગળ વધી રહી છે. રિઝર્વ બેંકને દર વર્ષે બે લાખ કરોડ રૂપિયાના ખરાબ અથવા ફાટી ગયેલા નોટને રિપ્લેસ કરવાની ફરજ પડે છે. સામાન્ય રીતે દરેક પાંચ પૈકી એક નોટ દર વર્ષે દૂર કરવાની જરૂર પડે છે. રિઝર્વ બેંકના આંકડા મુજબ ૧૩મી માર્ચ ૨૦૧૨ના દિવસે પુરા થયેલા નાણાંકીય વર્ષમાં આ પ્રકારના આશરે ૧૩ અબજ નોટ ખતમ કરવામાં આવ્યા હતા. નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ની પૂર્ણાહૂતિ ઉપર અર્થતંત્રમાં કુલ ૧૦.૫ લાખ કરોડરૂપિયાના નોટ ચલણમાં હતા. આવી સ્થિતિમાં આરબીઆઈને ૨.૦૫ લાખ કરોડ રૂપિયાના ખરાબ નોટ ચલણમાંથી દૂર કરવાની ફરજ પડી હતી. રિઝર્વ બેંકે આ સમસ્યાને દૂર કરવાના હેતુસર પ્લાસ્ટીક નોટ શરૂ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. હકીકતમાં પ્લાસ્ટીક નોટનો ફેલાવો તેની પરિક્ષણ યોજનાની સફળતા ઉપર આધારિત રહેશે.

## સિદ્ધારમૈયાએ કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

બેંગ્લોર, તા. ૧૩

લગભગ અઢી દસકા સુધી જનતા પરિવારના સભ્ય રહેલા સિદ્ધારમૈયા કટ્ટર કોંગ્રેસ વિરોધી વલણ અપનાવવા માટે જાણીતા હતા. પરંતુ રાજકિય ઉતારચઢાવની દિશા એવી બદલાઈ કે તે આજે કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના મુખ્યમંત્રી બની ગયા છે. સિદ્ધારમૈયાએ સોમવારે બેંગ્લોરમાં કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. શપથગ્રહણ સમારોહમાં કોંગ્રેસના સિનિયર નેતાઓ સિવાય ૫૦ હજાર સમર્થકો હાજર હતા.



ગરીબ કિસાન પરિવાર સાથે સંકળાયેલા સિદ્ધારમૈયા ૧૯૮૦ના દાયકાથી ૨૦૦૫ સુધી કોંગ્રેસના કટ્ટર વિરોધી હતા. ભુતપુર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાના પક્ષમાંથી તેમને હાંકી કઢાયા બાદ તેઓ રાજકીય ત્રિભેટે આવીને ઉભા રહી ગયા હતા. પછી તેમણે કોંગ્રેસનું પાલવ પકડી લીધો. તે કર્ણાટકના ૨૨મી મુખ્યમંત્રી બન્યા છે. કોંગ્રેસમાં જોડાયા બાદ તેમને સાત વર્ષ પણ પુરા થયા નથી અને આજે તેમનું જીવનભરનું સપનું સાકાર બની ગયું છે. તેઓ કર્ણાટકના મુખ્યમંત્રી બની ગયા છે.

૨૦૦૪માં ખંડિત જનાદેશ મળ્યાબાદ કોંગ્રેસ અને જેડીએસએ ગઠબંધન સરકારની રચના કરી ત્યારે સિદ્ધારમૈયા જેડીએસમાં હતા. તેમને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. કોંગ્રેસના એમ. ધરમસિંહને મુખ્યમંત્રી બનવવામાં આવ્યા હતા. સિદ્ધારમૈયાની એ ફરિયાદ હતી કે તેઓ મુખ્યમંત્રી બની શકે તેમ હતા. પરંતુ દેવગૌડએ તેમ થવા ન દિધુ.

૨૦૦૫માં તેમણે પોતાની જાતને પછાત વર્ગના નેતા તરીકે રજૂ કરી તેઓ કુરુબા સમુદાયમાંથી આવે છે. જે કર્ણાટકમાં ત્રીજી સૌથી મોટી સંખ્યા ધરાવતી જાતિ છે.

## કાન્સ ફેસ્ટિવલમાં આરાધ્યા બચ્ચન છવાયેલી રહી

નવીદિલ્હી, તા. ૧૩

૬૬માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં બોલિવુડની અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનની પુત્રી બેબી આરાધ્યા છવાયેલી રહી હતી. એક અખબારના જણાવ્યા અનુસાર ઐશ્વર્યાની ૧૭ માસની પુત્રી આરાધ્યા ૨૦૧૩ના કાન્સ ફેસ્ટિવલમાં ચર્ચાનું વિષય રહી હતી. કારણ કે આરાધ્યા પોતાની માતાની સાથે હતી. હજારો કેમેરાની લઈટ હંમેશા જ્યારે ઐશ્વર્યા રેડ કાર્પેટ ઉપર કેટવોક કરે છે ત્યારે ફટાફટ ક્લિક થવા લાગે છે. આ વખતે તેની સાથે તેની પુત્રી હતી તેથી તે પણ ચર્ચાનો વિષય રહી હતી.

ઐશ્વર્યા જ્યારે રેડ કાર્પેટ પર ચાલી ત્યારે તેની સાથે તેની પુત્રી આરાધ્યા અને સસરા અમિતાભ



બચ્ચન હાજર હતા. જો કે આ પ્રસંગે આરાધ્યાના પિતા અભિષેક બચ્ચન હાજર ન હતા, કારણ કે અભિષેક ધૂમ-૩ની શુટીંગમાં વ્યસ્ત હતો. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ અને બચ્ચન ફેમીલી એકબીજાના પૂરક રહ્યા છે. લગભગ દરવર્ષે ઐશ્વર્યાની કાન્સમાં હાજરી નિશ્ચિત હોય છે.

## સોનિયા અને પ્રિયંકા માટે એસપીજીની મહિલા ફોર્સ

નવીદિલ્હી, તા. ૧૩

સ્પેશિયલ પ્રોટેક્શન ફોર્સ (એસપીજી)ની એક ખાસ ટુકડી માત્ર મહિલા સુરક્ષા કર્મચારીઓ બનાવશે. તેમાં સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ)ની પસંદગી પામેલા ઓફિસરનો સમાવેશ કરવામાં આવશે. આ ટુકડી ખાસ કરીને સોનિયા ગાંધી અને તેમના પુત્રી પ્રિયંકા ગાંધીની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવશે.

એસપીજી ગાંધી પરિવાર સિવાય હાલના તથા ભૂતપુર્વ વડાપ્રધાનને સુરક્ષા પ્રદાન કરે છે. હાલ તેના સુરક્ષા કવચમાં વડાપ્રધાન, ભૂતપુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેઈ, સોનિયા ગાંધી અને તેમના બાળકોનો સમાવેશ થાય છે. સ્પેશિયલ ફોર્સ વડાપ્રધાનના પત્ની ગુરૂશરણ કૌરને પણ સુરક્ષા વ્યવસ્થા આપશે.

સીઆઈએસએફમાં લગભગ ૫૦૦૦ મહિલા કર્મચારી છે. તેમાથી ઘણા દિલ્હી મેટ્રો, એરપોર્ટ તૈનાત છે. સ્પેશ્યિલ પ્રોટેક્શન ગૃહમાં ૩૫ વર્ષ સુધીના જ કર્મચારીને તૈનાત કરવામાં આવે છે. આ માટેની પસંદગીની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે.

## ચાર ધામની યાત્રા વિધિવત શરૂ

દહેરાદૂન,તા. ૧૩

ચાર ધામની યાત્રા વિધિવત રીતે શરૂ થઈ ચૂકી છે. ગંગોત્રી, યમનોત્રી, બદ્રિનાથ અને કેદારનાથ ધાર્મિક સ્થળોની ચાર ધામની યાત્રા વિધિવત રીતે શરૂ થતાં શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચાર ધામની યાત્રામાં ગુજરાત સહિત જુદા જુદા રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી ચૂક્યા છે. ઋષિકેશ અને હરિદ્વારથી ચાર ધામની યાત્રા નિર્ધારિત સમય કરતા એક દિવસ પહેલા શરૂ થઈ હતી. ચાર ધામની યાત્રા માટે ૧૦૦૦થી વધારે શ્રદ્ધાળુઓની પ્રથમ ટુકડી રવાના થઈ ચૂકી છે. મધ્ય પ્રદેશ અને રાજસ્થાનથી આવેલા મોટાભાગના શ્રદ્ધાળુઓ યાત્રા માટે ગઈકાલે રવાના થઈ ગયા હતા. કૃષિ પ્રધાન હરકસિંહ રાવતે ૬૦૦ શ્રદ્ધાળુઓને આવરી લેતી ૧૩ બસોને ઋષીકેશ મુખ્ય બસ સ્ટેન્ડથી લીલીઝંડી આપી હતી જયારે શ્રદ્ધાળુઓ સાથે ખીચોખીચ ભરેલી અન્ય સાત બસને હરીદ્વારમાં લીલીઝંડી આપવામાં આવી હતી. તહેરી ગડવાલ મોટર્સ ઓનર્સ એન્ડ યાત્રા કંપનીઓની આ બસને વિધિવત લીલીઝંડી અપાઈ હતી. બદ્રિનાથ-કેદારનાથ અને ગંગોત્રી-યમનોત્રી મંદિર કમીટિ ટ્રસ્ટના હોદ્દેદારોનું કહેવું છે કે ગંગોત્રી અને યમનોત્રી મંદિરના દ્વાર ઉત્તર કાશી જિલ્લામાં ખોલી દેવામાં આવ્યા છે. જ્યારે બદ્રિનાથ અને કેદારનાથના દ્વારા ગુરુવારે અને મંગળવારના દિવસે ખોલી દેવામાં આવશે. બંદ્રીનાથ અને કેદારનાથ ચમોલી અને રૂદ્રપ્રયાંગ જિલ્લામાં છે. શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શ્રદ્ધાળુઓના ઉત્સાહને ધ્યાનમાં લઈને અને આ યાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઉત્તરાખંડ સરકારે ચાર ધામની યાત્રા માટે શ્રદ્ધાળુઓ માટે ખાસ વ્યવસ્થા ગોઠવી છે. ચાર ધામની યાત્રામાં હજારો શ્રદ્ધાળુઓ પહોંચી ચૂક્યા છે. આયોજકએ પણ સાવચેતીના તમામ પગલાં લીધા છે. શ્રદ્ધાળુઓને રહેવાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ પણ પહેલાથી જ આ ધાર્મિક કામમાં જોડાઈ ગઈ છે.

## કાયદાપ્રધાન તરીકે કપિલ સિબ્બલે હવાલો સંભાળ્યો

નવી દિલ્હી,તા. ૧૩

કોલસા બ્લોકની ફાળવણી અંગે સીબીઆઈના અહેવાલ સાથે ચેડા કરવા બદલ સુપ્રીમ કોર્ટ દ્વારા ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલા અશ્વિની કુમારે રાજીનામુ આપી દીધા બાદ કપિલ સિબ્બલ કાયદામંત્રાલની જવાબદારી સંભાળી હતી. કપિલ સિબ્બલે આજે વિધિવતરીતે જવાબદારી સંભાળી હતી. અશ્વિની કુમારે ગયા સપ્તાહમાં રાજીનામુ આપ્યુ હતુ. કપિલ સિબ્બલ માહિતી, ટેકનોલોજી અને દુરસંચારની સાથે સાથે કાયદાની વધારાની જવાબદારી પણ સંભાળશે. સિબ્બલે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતુ કે તેઓ વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસના વડા સોનિયા ગાંધીના આભારી છે જે તેમને આ જવાબદારી સોંપી રહ્યા છે. આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે જેથી તેઓ આ જવાબદારીને પૂર્ણ કરવા બનતા તમામ પ્રયાસ કરશે. અશ્વિની કુમારે શુક્રવારે રાજીનામુ આપી દીધુ હતુ. તેમના રાજીનામાથી આ જગ્યા ખાલી થઈ હતી.

**હળવાશની ક્ષણોમાં !** (પાના નં. ૪ નું ચાલુ)

જે લોકો 'હસવાની મનાઈ છે!' એવી ફિલોસોફી સાથે જીવન જીવતા હોય તેવા લોકોએ પણ આવા બ્રેકીંગ ન્યૂઝ તો છેવટે જમતાં જમતાં પણ જોઈ જ લેવા! કદાચ તેમની ફિલોસોફી બદલાઈ પણ જાય અને ત્યારે સમાજને એક હસતો ચહેરો મળે!

રેલવે મીનીસ્ટર બંસલ તેમના ખાતાની રેલવેમાં 'ઘેટાં-બકરાં'ની જેમ મુસાફરી કરનારાઓમાંથી જ કદાચ એકાદને ઉપાડી લાવ્યા હોય-તેની પૂજા કરવા! આ બધો હોબાળો શાંત થયા પછી રાબેતા મુજબ કદાચ બંસલનું નિવેદન આવશે કે - 'આ એપિસોડમાં મને બલીનો બકરો બનાવાયો છે!'

આ રીતે 'બકરો' અત્યારે લાઈમલાઈટમાં છે. આવા અબજોના કૌભાંડોને કારણે ઉત્પન્ન થઈ રહેલા અઢળક કાળા નાણા તેમજ સરકયુલેશનમાં ફરી રહેલી અબજો રૂપિયાની ડુપ્લીકેટ કરન્સીને કારણે આપણે બધાં મોંઘવારીની 'ઘરઘંટી'માં પીસાઈ રહ્યા છીએ!

આ ભ્રષ્ટાચાર અને મોંઘવારીને કારણે લોકો જીવતે જીવ 'મમી' બની રહ્યાં છે! આખું હિન્દુસ્તાન 'મમીસ્તાન'માં ફેરવાઈ જાય તે પહેલાં 'હે ભગવાન! હવે તો જાગો!' તમે ભગવાન છો કે કુંભકર્ણ?! લોકો આદરપૂર્વક જાણવા માગે છે કે યદા યદા હી ધર્મસ્ય... વાળા તમારા વચનનું શું થયું?!

કે પછી તમને પણ રાજકારણીઓનો ચેપ લાગ્યો છે?!

લખનૌમાં 'મમી' મરણ પથારીએ છે જયારે ભ્રષ્ટ રાજકારણીઓ અને અમલદારોને કારણે 'ભારત માતા' 'મમી'માં ફેરવાઈ રહ્યા છે!

## ભારત-પાકિસ્તાન સંબંધો મજબૂત કરવા કોશિષ કરીશું : નવાઝ શરીફ

ઈસ્લામાબાદ,તા.૧૩

પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ) (પીએમએલએન)ને ત્રીજી વખત પાકિસ્તાની પ્રજાએ શાસન માટે વધાવી લીધાં છે ત્યારે પાર્ટીનાં મુખ્ય નેતા નવાઝ શરીફ કે જેમને પ્રજા પ્રેમથી મિંયા કહીને બોલાવે છે. મિંયા શરીફ નવાઝ માટે આ એક પડકારભર્યો કાર્યકાળ હશે જેમાં તેમણે અનેક પડકારોનો સામનો કરવો પડશે જેવી કે પડી ભાંગેલી અર્થવ્યવસ્થા, ભ્રષ્ટાચારરૂપી રાક્ષસ, અમેરિકા સાથે બગડી રહેલા સંબંધો અને તાલિબાન સામે આંતરિક સુરક્ષા સૌથી મોટો પડકાર નવાઝ શરીફને આ ચૂંટણીમાં ઐતિહાસિક જીત પ્રાપ્ત કર્યા પછી સૌથી મોટો પડકાર ઉઠાવવો પડશે.

જોકે આ પળ માટે નવાઝને અનેક મુશ્કેલીઓ અને પડકારો માટે ૧૩ વર્ષનો લાંબો વિરહ વેઠવો પડ્યો હતો. તેમનાં બીજા શાસનકાળ દરમિયાન સેના પ્રમુખ પરવેઝ મુશર્રફે તખ્તો પલટી નાંખ્યો હતો જેમાં શરીફની ધરપકડ કરી ફાંસીની સજા કરવામાં આવી હતી. જોકે પછીથી એક સમાધાન સ્વરૂપે મુશર્રફે શરીફ અને તેમનાં પરિવારનાં ૪૦ સભ્યોનો એકસાથે દેશનિકાલ સાઉદી અરબ મોકલી દીધા હતાં.

હવે જયારે શરીફ સત્તા સંભાળી રહ્યા છે ત્યારે નવાઝને દેશમાંથી બહાર હાંકી કાઢવાવાળા મુશર્રફ પોતાના ફાર્મહાઉસમાં કેદી તરીકેનું જીવન વીતાવી રહ્યા છે. વિશેષજ્ઞો માને છે કે પાકિસ્તાની પ્રજા માટે આ ધીમી પરંતુ મજબુત શરૂઆત હશે. પાકિસ્તાનનાં ૬૬ વર્ષના ઈતિહાસમાં અડધાથી વધુ સમય સત્તા સેનાનાં હાથમાં રહી છે. હવે શરીફ અને સેના વચ્ચેનો સંબંધ પાકિસ્તાનની વિદેશ અને સુરક્ષા નિતીનો એજન્ડા નક્કી કરશે કારણ કે જે સેનાનાં કારણે તેમના જીવ પર જોખમ આવી ગયું હતું પરંતુ તેમને રાજનીતિમાં લાવનાર પણ સેના જ છે.

૨૭૨ સભ્યોની સંસદમાં ૧૨૫ બેઠકો પર નવાઝની પાર્ટીનો કબજો છે. નવાઝ કહે છે કે તેઓ દેશને ત્યાંથી જ આગળ વધારશે જ્યાં તેમણે ૧૯૯૯માં દેશને છોડ્યો હતો. પ્રજાતંત્રને મજબૂત કરવા માટે તે સેના સાથે મળીને કામ કરતાં શીખી જશે. શનિવાર રાત્રે મિડીયા સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે, ભારત-પાકિસ્તાનનાં સંબંધો મજબૂત થાય તેવા પ્રયાસો કરવામાં આવશે. તેમણે એ વાતને સમર્થન આપ્યું હતું કે, તાલિબાનો તેમની આર્થિક સુરક્ષાના મામલે પડકાર છે. સમસ્યાઓ સાંભળ્યા બાદ કોઈ રસ્તો જરૂર શોધી કાઢવામાં આવશે. કહેવાય છે કે, ૧૩ વર્ષ સુધી અનેક મુશ્કેલીઓ સહન કર્યા બાદ શરીફ વધુ પરિપકવ બન્યાં છે,

**સમાચાર ઝલક**

- સરદાર પટેલનું સ્ટેચ્યુ વિશ્વમાં સૌથી મોટું હશે - નરેન્દ્રભાઈ મોદી.
- ધો-૧૨નું સૌથી વધુ પરિણામ પાટણ કેન્દ્ર તથા સૌથી ઓછું ડાંગ જિલ્લાનું.
- હરિયાણા રોહતકમાં આજે પણ તંગદિલીભર્યું વાતાવરણ.
- બંગ્લોર સ્ટેડિયમાં ભાગદોડમાં ૧નું મૃત્યુ : ૭૦ હજાર પ્રેક્ષકો હતા.
- સૌરાષ્ટ્ર દરિયાકિનારે ઓમાનની બિનવારસી બોટ પકડાઈ.
- ડીપ્લોમાંની ૨૨ કોલેજોની ૯૨૦૦ બેઠકોની નવી મંજુરી મળી.
- કાનપુર રેલવેસ્ટેશન પર હૃદયદ્રાવક અકસ્માતમાં મુસાફરનું મૃત્યુ.
- દિલ્હીમાં બળાત્કારનો સીલસીલો યથાવત મકાનમાલિકના પુત્રે બાળકી પર બળાત્કાર ગુજાર્યો.
- તૃણમુલ કોંગ્રેસ કાર્યક્રની મોતની તપાસ સી.બી.આઈ. કરે - સુપ્રીમનો આદેશ.
- ફોટોગ્રાફર શ્રી જગદીશ માળીનું મુંબઈમાં નિધન.
- એપ્રિલ માસમાં મોંઘવારી દર ઘટયો.
- અખાત્રીજના દિવસે સોનાની ખરીદીથી ભાવોમાં તેજી.
- ૧૫પી મે મુંબઈમાં વેપારીઓની હડતાલ વધુ વેગ પકડશે.
- યુ.પી.એસ.સી. પરીક્ષામાં છબરડો.
- પરિણામમાં નામ અન્ય પાસ થયેલ ઉમેદવાર અન્ય.
- ઈરાકમાં બંદુકધારી આતંકવાદીઓએ મહિલાઓ સહિત ૭નાં મોત કર્યા.

**રેસના ઘોડા** (પાના નં. ૪ નું ચાલુ)

એ આઘાતે 'માય પેટ... માય પેટ... કમ ઓન ડિઅર..' શબ્દોથી સારી હોસ્પિટલ ગજવી દીધી. આ અણધાર્યા બનાવો પેગીને અર્ધ પાગલ બનાવી. એ ઘડી પેગી માટે કમનસીબ બની ગઈ. એ નસીબને દોષ દેવા લાગી અને 'માય ડિઅર તું ક્યાં છે?' એમ બૂમો પાડવા લાગી. હોસ્પિટલના સંચાલકોએ એને મેન્ટલ હોસ્પિટલમાં ખસેડવી પડી. ત્યાં એના પર વિવિધ ઉપચારો શરૂ થયા. પીટર એને સાંત્વન આપતો રહેતો પણ એની કોઈ અસર ન થતી. સમય વીતતો ગયો. પેગીનાં પાગલપણને પાંચ વર્ષ વીતી ગયાં. પણ પીટરે એને છોડી નહિ. રોજ હોસ્પિટલમાં જતો અને કહેતો, 'ડિઅર તારો પેટ જયાં છે ત્યાં હેમખેમ છે. એક દિવસ એ તારી પાસે દોડી આવશે.'

પેગી ખડખડાટ હસતી અને પડખાનો ઢીંગલો ઉપાડી એ બબડતી, 'બટા કયાં ચાલ્યો ગયો હતો?' અને એ ઢીંગલાના કાન આમળતી. એના ગાંડપણથી હતપ્રાય થયેલ પીટર એને સાંત્વન આપવા વિવિધ પ્રયત્નો કરતો રહ્યો. એક દિવસ એ એક મોટા મોલમાં પેગીને બર્થડેમાં આપવા માટે ગિફ્ટ લેવા ગયો. એ મોલ માર્ટમાં ગિફ્ટ શોધતો હતો. એવામાં એક પાંચેક વર્ષનો છોકરો એની પાસે દોડી આવી એનો એક હાથ પકડી બોલ્યો, 'ડેડી, બે દિવસથી ભૂખ્યો છું. થોડા પૈસા આપશો?'

'ડેડી!' કહીને બોલાવ્યો એટલે જરા આશ્ચર્ય થયું એણે એના ગાલ પર વહાલથી હાથ ફેરવતાં પુછાઈ ગયું, 'બેટા, હું તને કયારનો શોધું છું. તું કયાં ગયો હતો?'

'હું તો કયાંય નહોતો ગયો. મમ્મી મને અહીં ઉભો રાખી આઈસક્રીમ લેવા ગઈ છે.'

'શું નામ તારું?'

'જોલી!'

જોલીને પીટર તાકી રહ્યો. એનામાં પેટનો એને આભાસ થયો. 'કદાચ કોઈ મવાલી તો એને ઉપાડી નહિ ગયો હોય?' એ વિચાર ઝબૂકતાં એને જોલી અસલ એના જ દીકરા જેવો લાગતાં જોલીને પેગી પાસે લઈ જવાનો વિચાર મનમાં ઝબૂકયો!

એ જોલીનો એક હાથ પકડી બોલ્યો. 'તું ભૂખ્યો છે ને? ચાલ, તને સરસ મજાનું જમાડું.'

એને પોતાની કારમાં એક રેસ્ટોરન્ટમાં જમવા લઈ ગયો. ઓર્ડર આપી એને પૂછયું, 'જોલી તું રહે છે કયાં?'

'ફાતમા માસીને ત્યાં અમે નવ છોકરા છોકરીઓ સાથે રહીએ છીએ. ફાતમા માસી અમને નાનાઓને રોજ ભીખ માગવા મોકલે છે. મોટાંઓને દુકાનોમાં ચોરી કરવા મોકલે છે. રાતે બધાં પાસેથી બધું માગી લઈ અમને એક ઓરડીમાં સુવાડી બારણું બંધ કરી કો'ક આદમી સાથે ચૂપચાપ વાતો કરી ગેલ કરે છે. સવારે વહેલા ઉઠાડી કડક સૂચનાઓ આપી ભીખ માગવા કે ચોરી કરવા રવાના કરી દે છે. તમે મારા ડેડી બની શકશો?'

'હા જમી લે પછી તારી મમ્મી પાસે લઈ જઈશ. એ તને બહુ વહાલ કરશે. પ્રેમથી મોટો કરશે, સારું ભણાવશે!!'

જોલી તો ખુશ થઈ બોલ્યો, 'ફાતમા માસી મને ઝૂંટવી એમને ઘેર પાછો તો નહિ લઈ જાય ને?'

'ના બેટા! આપણે એમને ખબર જ નહિ પડવા દઈએ, ચાલ.'

પીટર જોલીને લઈને પેગી પાસે પહોંચી બોલ્યો, 'લે ડિઅર, આ તારી બર્થ ડે ગિફ્ટ! તારો દીકરો છેવટે તારી પાસે આવી ગયો છે!'

પેગી એને જોતાં જ બોલી ઊઠી, 'આવ બેટા આવ!' અને એને ખોળામાં લઈ ચુંબનો કરવા લાગી. સિલિંગ ફેનના પવનથી એનું શર્ટ ઉછર્યું. પેગી એકદમ ઉત્સાહભેર બોલી, 'પીટર આ મારો પેટ જ છે. આટલા દિવસ કયાં ગયો હતો બેટા?' અને પીટર સામે ફરી પૂછયું, 'તું એને કયાંથી લઈ આવ્યો?'

'એણે સામેથી આવી મને ડેડી કહીને બોલાવ્યો! આપણા ઉપર ઈશ્વરની કૃપા ઊતરી છે એમ માન! બોલ, જોલી તારો પેટ જ છે ને?'

'હા, એ મારો પેટ જ છે, જો ને પાદરીએ એની છાતી પર લાખું જોઈ ભવિષ્ય ભાખેલું એ યાદ છે ને? એ જ એની ઓળખ છે! બેટા તું તો મારું રતન છે! અમારા બંનેનું ઉજજવળ ભાવિ છે! હવે હું પાગલ નથી. તને જોતાં જ મારું પાગલપણું ચાલ્યું ગયું છે. તારી સારી મા બની તને વહાલના દરિયામાં ઉછેરતી રહીશ, બેટા!' અને પીટર સામે ફરી સવાલ કર્યો, 'હવે કોઈ ઝૂંટવી તો નહિ જાય ને?'

'ના પેગી એ કસાઈ વાડેથી છૂટી આપણી પાસે આવ્યો છે!' અને પેગીને ટૂંકમાં ફાતમાની વિગતે વાત કરી

એ વાત પૂરી થતાં પેગી બોલી, 'ચાલ જલદી અહીંથી જતા રહીએ એ ફાતમા એને શોધતી અહીં આવી ચઢે તે પહલાં આપણે ઘેર પહોંચી જઈએ.'

પેગીએ એક બ્લેંકેંટ અંદર જોલીને છુપાવી પીટરની કારમાં પહોંચી જતાં પીટરે રસના ઘોડાની જેમ ફુલ સ્પીડમાં કાર એમના ઘર તરફ હંકારી મૂકી. એ રેસમાં પુત્ર પ્રાપ્તિનો અને પત્નીનું પાગલપણું ચાલ્યા જવાનો બેવડો આનંદ હતો.